ॐ श्री कृष्ण परमात्मने नमः

ગુરૂદ્વાર તરફથી સનાતન વર્ણાશ્રમ ધર્મનીતિ જાણવા માટે ભેટ

પત્રિકા

મેને ૧'૨૪) પ્રસીદ્ધ કર્યો (સવત ૧૯૮૦
ગાદીના એ વારેસ ચંદ્રવશી યાદવ

મોરારજી પુરૂષોત્તમ વર્મા.

સુરત લીમડાચોકમા આવેલા 'દેશી મીત્ર'
પ્રેસમા નાથુભાઇ દેવચદે છાપી.

गेयं गीता नाम सहस्रं ध्येयं श्रीपति रूपमजस्रम् ।
नेयं सज्जन संगे चितं देयं दीन जनायचवित्तम् ॥

शंकराचार्य.

અર્થ:—ગીતા અને સહસ્ર નામનો પાઠ કરો. લક્ષ્મીપતિનું ધ્યાન ધરો. સજ્જનનો સમાગમ કરો. દીનજનોને દાન આપો.

॥ हरि ॐ ॥

॥ श्री कृष्णाय नमः ॥

પત્રિકા

ક્ષત્રિય કુલોત્પન્ન પાછળથી પોતાના કર્મમાં ભ્રષ્ટ થએલા અને અર્વાચીન સમયમાં શૂદ્રોની સ્થિતિમાં સબડતા એવા મારા જ્ઞાતિબંધુઓ ! પ્રભુ પરમાત્માના પરમ ભક્ત બાવા સાહેબ ઉર્ફે રત્નસિંહ માધવની ગાદી તરફથી સનાતન ચાતુંવર્ણાશ્રમ ઉત્પત્તિ, તેમના કર્તવ્ય તથા ધર્મ તથા ચાતુર્વર્ણમાંથી હાલની સેંકડો જ્ઞાતિ કેવી રીતે ઉત્પન્ન થઇ, વગેરે બાબત જાણવા માટે આ પત્રિકા બહાર પાડવામાં આવી છે; તો મારા આત્મબંધુઓ તેને વાંચી અન્ય નિરક્ષર બંધુઓને વાંચી સમજાવશે તો 'પત્રિકા' લખવાનો આશય સફળ થએલો ગણાશે.

આપણા સંબંધમાં આવનાર મનુષ્યોને જો એમ પૂછવામાં આવે કે આપણો ધર્મ કયો ? નિઃશંક છે કે ભાગ્યેજ જવાબ મળી શકશે. ધર્મના નામથી વિમુખ હોય તેનું કારણ અજ્ઞાન છે. જ્ઞાનનો જ્યાં સંપૂર્ણ અભાવજ હોય, અને હિંદુઓમાં જ્યાં અનેક સંપ્રદાયો છે ત્યાં પછી કયો ધર્મ છે તે અજ્ઞાની મનુષ્ય શી રીતે કહી શકે ? નજ કહી શકે એ સ્વાભાવિક છે. પ્રાચીન આર્યોના સમયથીજ શરૂ થએલો એ ધર્મ હજી હયાત છે. ને તે 'સનાતન વૈદિક' ધર્મ છે. પંથ

ગમે તે હોય, ઉપાસના ગમે તે દેવની કરતા હોય, પણ તે વૈદિક ધર્મની બહારના નથીજ. એ સત્ય છે.

સનાતન ધર્મ પડતીમાં શા કારણથી આવ્યો તે જણાવવાની જરૂર છે. એ ધર્મ પડતીમાં આવવાના ઘણા કારણો છે. છતાં આ મુખ્ય છે. (૧) કુલીન ક્ષત્રિયોનો નાશ, (૨) વર્ણશંકર પ્રજાનો વધારો, (૩) બ્રાહ્મણો પોતાના કર્મમાં પાછળ પડયા, (૪) અનેક આચાર્યો અને તેમના જુદા જુદા સંપ્રદાયો અને લોકોનું તેમના તરફ વલણ, (૫) કેટલાંક રાજ્યોની સખ્તાઇ આ મુખ્ય છે. કારણ ક્ષત્રિય રાજા તરફથી તેને જે પુષ્ટિ મળતી તે બંધ થઇ ગઈ, ધર્મોપદેશકો ઉપદેશ આપવામાં મોળા પડયા, વર્ણશંકર પ્રજા થવાથી તેમના ગુણ, સ્વભાવ ને કર્મ બદલાય એ પણ સ્વાભાવિક છે. એવી પ્રજા નીતિ ધર્મ તરફ કટાક્ષની નજરથી જુએ એ પણ સ્વાભાવિક છે. બ્રાહ્મણોએ પોતાની જે વિદ્યા મેળવવી જોઇએ ત મેળવવા તરફ દુર્લક્ષ રહ્યા. અને જ્યારે જ્ઞાનનો લાભ એમના તેરફથી ન મળે તો અપ્રીતિ થાય એ સ્વાભાવિક છે. વળી કેટલાક આચાર્યો પણ પોતાના નામને ખાતર અથવા અમુક બાબત રૂચતી ન આવવાથી જુદા જુદા મત પ્રવર્તાવવા લાગ્યા, ને કેટલાકનો આશ્રય લઇ પ્રજા ઉપર સખ્તાઈ પણ થઈ આ કારણથી સનાતન ધર્મનો પાયો ડગમગે એ સ્વાભાવિક છે, લોકોનું પણ તેમના તરફ દુર્લક્ષ રહે એ પણ સ્વાભાવિકજ. અને જોઇએજ છીએ કે હાલ આપણે તેજ દુર્દશાની ટોચ ઉપર પહોંચી ગયા છીએ.

જો સનાતન ધર્મનો પુનરોદ્ધાર કરવો હોય તો શું પ્રયત્ન કરવા જોઈએ એ બાબત વિચારીશું. (૧) પાઠશાળા દ્વારા, પાઠશાળા ખોલી તેમાં વિદ્યાર્થીઓને ધર્મનું શિક્ષણ આપવું. (૨) સારા ઉપદેશકો દ્વારા ઉપદેશકો ગામેગામ ફરી લોકોને સનાતન ધર્મ સંબંધી બોધ કરે, (૩) ગ્રંથોનો સંસ્કૃતમાંથી દેશી ભાષામાં તરજુમો કરવાથી. (૪) શાળામાં ધર્મનું શિક્ષણ દાખલ કરવાથી. આ બાબત મુશ્કેલ છે, કારણ કે નિશાળમાં જ્યાં અનેક જાતિના છોકરા આવતા હોય ત્યાં તેમને એજ ધર્મ રૂચતો આવે કે કેમ એ મોટો પ્રશ્ન છે. એથી એમાં પૂાવી શકાય નહિ. ઉપરની સર્વ બાબત લખવી અથવા બોલવી સરળ છે. પણ એ થવું મુશ્કેલ છે. ચાતુર્વર્ણ્ય જ્યાં સુધી ધમની બાબતમાં અજ્ઞાત રહેશે ત્યાં સુધી પોતાની ઉન્નતિને માટે આશા રાખે એ આકાશ પુષ્પવત્ છે. માટે પ્રથમ ધર્મ જાણવાની જરૂર છે, અને એજ આશયથી અમારા આત્મબંધુઓને ચાતુર્વર્ણ્ય કેવી રીતે ઉત્પન્ન થઈ હતી, તેમના કર્તવ્ય તથા ધર્મ તથા અત્યારની સેંકડો જ્ઞાતિ કેવી રીતે થઈ એ જાણવા માટે આ પત્રિકા બહાર પાડવામાં આવી છે.

પ્રથમ આપણે વૈદિક કાળમાં જ્ઞાતિ બંધારણ કેવા પ્રકારનું હતું તે જોઈશું. આગળ નીકળેલી પત્રિકામાં ચાર વર્ણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર એ પ્રમાણે જણાવવામાં આવી છે. સદરહુ ચાર વર્ણ કેવી રીતે ઉત્પન્ન થઈ તે જણાવવાની જરૂર છે. ઐતિહાસિક બાબતો ઉપરથી માલમ પડે છે, કે પ્રાચીન કાળમાં હિંદુસ્તાન દેશમાં ફક્ત બેજ જાત હતી.

તેમાં એક આર્ય અને બીજી અનાર્ય. આર્ય—સુધરેલી, અને અનાર્ય—જંગલી આર્યો પ્રથમ હિંદુસ્તાનના ઉત્તરના ભાગમાં વસતા હતા, તેઓ ખેતીનું કામ કરતા હતા. પોતાને જરૂરીઆત ચીજો હાથેજ બનાવી વ્યવહાર ચલાવતા હતા. અગ્નિ, વરૂણ, સૂર્ય ઇંદ્ર આદિ દેવોની મંત્રો વડે પૂજા કરતા. મંત્રો મોંએજ કરી રાખતા હતા, કારણ કે લેખન પધ્ધતિ ન હતી. એ મંત્રો બાપ દીકરાને શીખવતો એવી રીતે એક બીજાને શીખવી વિદ્યા કાયમ રાખતા હતા. એમની વસ્તીનો ભાગ વધી જવાથી, અને વધુ જરૂરીઆતને માટે એમને આગળ વધવાની જરૂર પડી. તે વખતે અનાર્ય લોકોની વસ્તી પણ વિશેષ હતી. આર્ય લોકોને વધવામાં અનાર્ય લોકોનો અંતરાય થયો. અંતરાય થવાથી તેમની સાથે લડવાની પણ જરૂર પડી, અને પોતાના સ્થાનને માટે અનાર્ય સામા થાય એ સંભવિત છે. આ લડાઈ ધીમે ધીમે એટલી વધતી ગઇ કે આર્ય પ્રજા પોતાને જરૂરીઆતની ચીજો ઉત્પન્ન કરી શકતી નહિ, લડાઇમાં આર્યોને ફતેહ તો મળતી ગઇ પણ પોષણની વસ્તુને માટે વાંધા પડવા લાગ્યા. આ મુશ્કેલી ન ઉભી થાય માટે એમણે કામની વહેંચણી કરવાનો વિચાર કર્યો. કાર્યની વહેંચણીથી કાર્ય જે સરળતાથી અને ઉત્તમ રીતે થાય તેવું બીજી કોઇપણ રીતે થઇ શકતું નથી. જેમકે કાપડ એ એકજ વ્યક્તિથી બનાવી શકાતું નથી. એમાં પ્રથમ ખેડુત કપાસ પકવે, રૂ, કપાસીઆ છુટા પાડવા બીજાનું કામ, રૂને પીંજવો તેમાંથી પુણી બનાવવી એ ત્રીજી વ્યક્તિનું કામ,

પુણીમાંથી સુતર બનાવવું એ ચોથાનું કામ, સુતરમાંથી કાપડ બનાવવું એ પાંચમી વ્યક્તિનું કામ છે, પણ એકજ માણુસને આ કાર્ય સોંપવામાં આવે તો સરળતાથી અને ઉત્તમ નજ બની શકે એ સ્વાભાવિક છે. તેવીજ રીતે આર્યો એ પોતાનાં કાર્યોની વહેંચણી કરવાનો નિશ્ચય કર્યો. એટલે એમણે ચાર વિભાગમાં કાર્યની વહેંચણી કરી (૧) અમુક માણસોએ વેદમંત્રો અન્ય માણસોને ભણાવવાં તથા શ્રાદ્ધકર્મ કરાવવાં વગેરે કામ કરવું. (૨) અમુક માણસોએ ફક્ત લડાઈનુંજ કામ કરવું. (૩) અમુક માણસોએ ફક્ત ખેતીનુંજ કામ કરવું, તથા (૪) અમુક માણસોએ એ ત્રણે વિભાગની સેવા ચાકરીનુજ કાર્ય કરવું આ ચાર વિભાગમાં (૧) બ્રાહ્મણ, (૨)ક્ષત્રિય; (૩) વૈશ્ય ને (૪) શૂદ્ર એ નામ આપ્યા. પ્રથમ જે એક જ્ઞાતિ--આર્ય--તેના ચાર વિભાગ અથવા જાતિ નક્કી કરી. આ ચારે વર્ણને એક બીજા સાથે ગાઢો સંબંધ હતો એ સ્વભાવિક છે, કારણ એકજ આર્ય પ્રજાના વિભાગ હતા. આપણે ઉપર જણાવી ગયા છીએ કે આર્ય અને અનાર્ય વચ્ચે દિવસે દિવસે લડાઇ ટંટા વધતા ગયા. આર્ય પ્રજાને જેમ જેમ ફતેહ મળતી ગઇ તેમ તેમ તે આગળ વધતી ગઇ, અને અનાર્ય પ્રજા દક્ષિણ તરફ ખસતી ગઈ. કેટલાક આર્યોનું સેવકપણું સ્વિકારી તેમની સાથેજ રહ્યા. આ સેવકપણું સ્વીકારીને રહેલી પ્રજા તે શૂદ્રમાંજ લેખાએલી હતી. ઉપર પ્રમાણેની ચાર જ્ઞાતિ લાંબા સમય સુધી રહેલી હોય એ માનવાને ઘણાં કારણો છે, કારણકે પ્રાચીન ગ્રંથોમાં અર્વા-

ચીન સમયના જ્ઞાતિ બંધારણ વિષે ભાગ્યેજ હકીકત મળી આવશે. પ્રાચીન સર્વ ગ્રંથોમાં ઉપરની ચાતુર્વર્ણ્ય સંબંધેજ ઉલ્લેખ કરેલો છે, અને તે ઘણાંનાં જાણવામાં પણ હશેજ. આ ચાતુર્વર્ણ્યનો સંબંધ પણ દિવસે દિવસે ઓછો થતો ગયો. તે એટલે સુધી કે સમય જતે વહેવાર તદનજ બંધ થઈ ગયો ને જુદીજ જ્ઞાતિ તરીકે ગણાઇ. કારણ કે સમાન ગુણ કર્મ વાળાં માણુસો એકબીજા સાથે જેટલો સંબંધ રાખે તેટલો અન્ય સાથે ભાગ્યેજ રાખે એ સર્વમાન્ય છે. આ પ્રમાણે ચાર વર્ણ બંધાઇ. હવે એમ ।। કર્તવ્ય જણાવીશું.

૧. બ્રાહ્મણના કર્મ.

अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।

दानं प्रतिग्रहं चैव ब्राह्मणानाम कल्पयत् ।। म. स्मृ अ. १.

અધ્યયન કરવું, અધ્યયન કરાવવું, યજન કરવું, યજન કરાવવું, દાન આપવું, દાન લેવું આ છ કર્મ બ્રાહ્મણના છે. એટલે બ્રાહ્મણોએ વેદનો અભ્યાસ કરવો તથા ઇતર મનુષ્યોને કરાવવો. પોતાને ત્યાં યજ્ઞ કરવો તથા બીજાને ત્યાં કરાવવો, તથા બીજા માણસો પાસેથી દાન લેવું અને અન્યને આપવું આ છ કર્મ તેણે કરવાંજ જોઇએ નહતો બ્રાહ્મણ જાતિમાંથી તે ભ્રષ્ટ થએલો ગણાય.

વળી મનની શાંતિ રાખવી. મનથી નીચ કાર્યની ઇચ્છા પણ ન કરવી, બ્રહ્મચર્ય પાળવું, ઇંદ્રિયો કબજામાં રાખવી મતલબ કે ઇંદ્રિયોને વશ ન થવું, ધર્મનું અનુષ્ઠાન કરવું સ્નાનાદિથી શરીર પવિત્ર રાખવું, સંધ્યાદિ નિત્ય કર્મો કરવાં,

દુષ્કર્મોથી દુર રહેવું, રાગ દ્વેષથી દુર રહેવું, આસ્તિકપણું—ઈશ્વર છે એવું માનવું, તે સત્ય બોલવું, માનાપમાન સહન કરવું, ક્રોધિત થવું નહિ, હર્ષ શોકનો ત્યાગ કરવો, નરભિમાની વગેરે ગુણોની પણ તેમને આવશ્યક્તા છે. ટુંકમાં આચાર, વિચાર ને વર્તન શુદ્ધ રાખી બ્રહ્મપદ પાળવા પ્રયત્ન કરવો.

૨ ક્ષત્રિય કર્મ.

प्रजानां रक्षणं दानमिज्याध्यायनमेव च ।

विषयेष्व प्रसक्तिश्च क्षत्रियस्य समासतः ॥ મ. સ્મૃ. અ. ૧

પ્રજાનું રક્ષણ કરવું, દાન દેવું, યજ્ઞ કરવો, વેદ ભણવો, અને સંસારના વિષયો પર આસક્તિ રાખવી નહિ. આ કર્મ ક્ષત્રિયનાં છે. ક્ષત્રિયોએ બીજી ત્રણે વર્ણનું દુશ્મનથી રક્ષણ કરવું, બ્રાહ્મણોને તથા અન્ય ગરીબ મનુષ્યોને દાન આપવું, પોતાને ત્યાં યજ્ઞ કરવો, વેદનું અધ્યયન કરવું તથા સંસારમાં લુબ્ધ ન રહેવુ એ કર્મ ક્ષત્રિયનાં છે. એ સિવાય ન્યાયથી પૃથ્વીનું રક્ષણ કરવું અને દુષ્ટોનો નાશ કરવો. વિદ્યા અને ધર્મની વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કરવા. સુકાર્યમાં ધનનો વ્યય કરવો. પ્રજા તથા દેશની ઉન્નતિ તરફ સંપૂર્ણ લક્ષ આપવું. આત્મા તથા શરીરને બળવાન બનાવવાં. ભય માત્રનો ત્યાગ કરવો. પોતાના વિચારમાં દૃઢ રહેવું. ધૈર્યવાન અને ન્યાયી બનવું, તથા ઉદારતા રાખવી એ ક્ષત્રિયોનો ધર્મ છે.

૩ વૈશ્ય કર્મ.

पशुनां रक्षणं दानमिज्याध्ययन मेवच ।

वणिक्पथं कुसीदं च वैश्यस्य कृषिमेवच ॥ म. स्मृ. अ १.

પશુઓનું પાલન કરવું, દાન આપવું, યજ્ઞ કરવો, વેદ ભણવો, વ્યાજુ કરવું, ને ખેતીવાડી કરવી એ વૈશ્યના કર્મ છે. વૈશ્યોએ પોતાને ઘેર ઢોર પાળવાં ને તેમનું સારી રીતે પાલન કરવું, કારણકે ખેતીમાં તેમની અગત્યતા છે. વળી દૂધ, દહીં ઘી વગેરે પદાર્થો તેમના વડેજ મેળવી શકાય છે. વિદ્યા અને ધર્મની વૃદ્ધિ થાય એવાં કાર્યમાં ધનાદિનો ઉપયોગ કરવો. વેદનું અધ્યયન કરવું. સર્વ પ્રકારનો વ્યાપાર કરવો. વ્યાજ વટંતર કરવું પણ અધિક વ્યાજ લેવું નહિ. સારી રીતે ખેતી કરી તેમાં દરેક જાતના પાક ઉત્પન્ન કરવા, અને ત્રણે વર્ણોને પુરાં પાડવાં એ વૈશ્યના કર્મ છે.

૪ શુદ્ર કર્મ.

एक मेवतु शूद्रस्य प्रभुः कर्म समादिशत् ।

एतेषामेव वर्णां शुश्रूषामनसूयया ॥ म. स्मृ. अ. १.

શુદ્રને માટે એકજ કર્મ નિર્માણ કર્યું છે. તે એ કે તેણે ત્રણે વર્ણોની સેવા કરવી.

શુદ્રને યોગ્યજ છે કે તેમણે નિન્દા, ઈર્ષા, અભિમાન આદિ દોષોના ત્યાગ કરી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની સેવા કરવી.

ઉપર પ્રમાણે ચારે વર્ણના કર્તવ્ય લખ્યા પછી ચારે વર્ણનો સામાન્ય ધર્મ કહીશું.

अहिंसा सत्यमस्तेयं शौच मिन्द्रिय ग्रहः ।

एतं सामासिकं धर्म चातुर्वर्ण्येऽब्रवीन्मनुः ॥ म. स्मृ. अ. १०

અહિંસા, સત્ય, અસ્તેય, શૌચ, એ ચારે વર્ણનો સંક્ષિપ્ત ધર્મ છે. એટલે કોઈપણ પ્રાણીની હિંસા કરવી નહિ, હંમેશાં

સત્યજ બોલવું, ચોરી કરવી નહિ, સ્નાન, સંધ્યાદિથી શરીરને મન પવિત્ર રાખવાં અને ઇન્દ્રિયોને નિયમમાં રાખવી એ સર્વ મનુષ્યોનો ધર્મ છે. એ સિવાય:—

> **श्राद्धकर्मातिथेयं च दानमस्तेयं मार्जवम् ।**
>
> **प्रजनं स्वेषु दारेषु तथा चैवान सूयता ॥ म. स्मृ अ. १०**

શ્રાદ્ધ કર્મ, અતિથિનો સત્કાર, દાન, સરળતા, સુપ્રજા અને ઈર્ષા ન કરવી એ દરેક મનુષ્યનો ધર્મ છે.

એટલે પોતાના મત પિતૃઓનું શ્રાદ્ધ કર્મ કરવું, અતિથિ એટલે બારણે આવેલાં મનુષ્યનો સત્કાર કરવો, દાન આપવું, હૃદયની સરળતા રાખવી, પોનાની સ્ત્રી વિષે સુપ્રજા ઉત્પન્ન કરવી, ઇતર જનોની ઈર્ષા કરવી નહિ એ ચારે વર્ણનો ધર્મ છે.

ઉપર પ્રમાણે સનાતન ધર્મના મુખ્ય સિદ્ધાંતો છે. હવે ઉપાસના માર્ગ સંબંધે વિચાર કરીશું. આજકાલ જગતમાં ધર્મને નામે ઢોંગ ઘણો વધી ગયો છે. પોતાનાં આચરણ નિંદવા યોગ્ય હોય છે છતાં બીજાને ધર્મનો ઉપદેશ કરે છે. એવા માણસો પોતાના સ્વાર્થ ખાતરજ અન્ય મનુષ્યોને ફસાવે છે. એવા ધર્મોપદેશકો પોતાના દેહનું કલ્યાણ કરી શકતા નથી, તો અન્ય મનુષ્યોનું શું કરી શકે? હિંદુ શાસ્ત્રો પણ દેવની ઉપાસના કરવા સૂચવે છે. જેમકે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ. બ્રહ્માએ આ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે, વિષ્ણુ સૃષ્ટિનું પાલન કરે છે અને શિવ તેનો સંહાર કરે છે. આ ત્રણે નામો એકજ શબ્દ 'ૐ' ના બનેલાં છે. એમાં ત્રણ અક્ષર છે. અ, ઉ ને મ

બ્ર એટલે બ્રહ્મા, વ એટલે વિષ્ણુ ને મ એટલે શિવ. હવે આપણે કયા નામથી ઉપાસના કરવી જોઈએ તે તપાસીએ. આપણે રાત દહાડો ઉદ્યમમાં જોડાએલા રહીએ છીએ એ શા માટે? સર્વ માન્ય છે કે ભરણ પોષણ માટે અને વ્યવહાર સારી રીતે ચલાવવા માટે. ત્યારે તો કહેવું જોઇએ કે 'વિષ્ણુ' શબ્દના નામથી ઉપાસના કરવી યોગ્ય છે. હવે આપણે કોની ઉપાસના કરીએ છીએ તે જોઈએ. આપણે સમજીએ છીએ કે દરેક મનુષ્ય સ્ત્રી વા પુરૂષે કંઠી બંધાવવી જોઇએ. કંઠી બંધાવવાનું પ્રયોજન ગુરૂ કરવો એ છે. જે મંદિરમાં કૃષ્ણજીની મૂર્તિની સ્થાપના કરેલી હોય છે તે મંદિરમાં જઈ કંઠી બંધાવીએ છીએ. ત્યાં ગુરૂ આપણને દીક્ષા આપે છે, અને કૃષ્ણજીની ઉપાસના કરવી એ સૂચવે છે. એ વિષ્ણુનીજ ઉપાસના છે. કારણ કે વિષ્ણુ એજ કૃષ્ણ એ ઉપરના આપણા કર્મ માર્ગ ઉપરથીજ સિદ્ધ થાય છે.

હવે આપણે અર્વાચીન સમયની સેંકડો જાતિ કેવી રીતે ઉત્પન્ન થઈ તે જણાવીશું. આગળ ચાતુર્વર્ણ્ય—બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર કહી ગયા છીએ. એ ચાર વર્ણ કેવી રીતે બંધાઈ હતી તે પણ જણાવી ગયા છીએ. એ ચારે જાતિ કર્મ ઉપર ઠરાવી હતી—એટલે કર્મ પ્રમાણે તેની જાતિ નક્કી થતી હતી. બ્રાહ્મણના પેટે જન્મ લેનાર બાળક બ્રાહ્મણજ ન કહેવાતો, પરંતુ બ્રાહ્મણ તરીકેના જે આગળ છ કર્મ જણાવ્યાં તે કરે તોજ તેને બ્રાહ્મણ કહેતા. તે છ કર્મ ન કરે તો તે જે કર્મ કરતો તે તેની જાતિ થતી. વળી બ્રાહ્મણને

ત્યાં જન્મે તે બ્રાહ્મણનાંજ કર્મ કરે અને ક્ષત્રિયને ત્યાં અવતરે તે ક્ષત્રિયનાંજ કર્મ કરે એમ પણ ન હતું. ગમે તે જાત ગમે તે ધંધો કરી શકતી હતી, અને તેનાં દાખલા પણ મળી આવે છે જેમકે પરશુરામ પોતે બ્રાહ્મણ હતા. છતાં હથિઆર પકડયાં હતા અને એકવીસવાર પૃથ્વી ન ક્ષત્રી કરી હતી, એટલે ક્ષત્રિયોનો નાશ કર્યો હતો. દ્રોણાચાર્યે પણ હથિઆર પકડયાં હતાં. ક્ષત્રિય રાજા ગૌતમ બુદ્ધ જાતે ક્ષત્રિય છતાં ધર્મોપદેશકનું કાર્ય કર્યું હતું. હવે આ ચાર વિભાગની વહેંચણીથી ફાયદો તો થયો પણ સમય જતાં ગુણ સ્વભાવ જુદા ઘડાયા, અને ગુણ સ્વભાવ જુદા પડે તો મતભેદ પણ પડે, મતભેદ પડે તેથી અરસપરસનો વહેવાર પણ બંધ થાય એ સ્વાભાવિક છે. એટલે શૂદ્રો બિચારા પશુ જેવા થઈ ગયા. વૈશ્યો શસ્ત્રથી બીતા થયા, ક્ષત્રિયો કુસંપી થયા, અને બ્રાહ્મણો દરિદ્રિ તથા મિથ્યાભિમાની થયા. તેથી ચારે વર્ણ છુટી પડી.

ઉપરની ચારે વર્ણનાં કર્મ તો જુદાંજ હતા. જરા વિચાર કરીશું તો જણાશે, કે વૈશ્યના ખેતીનાં કામ માટે બીજાં કેટલાં માણસોની જરૂર પડે શુદ્રો તો બિચારા ચાકરીનુજ કાર્ય કરતા હતા. ત્યારે કારીગર વર્ગની લોકોને જરૂર પડે કે નહિ? પડેજ. કારણ કે એક ખેડુતને ખેતીનું ઓજાર કરાવવું હોય પણ ગામમાં સુતાર ન હોય તો બીજે ગામ જવું પડે છે અને તેથી તેનો આખો દિવસ નકામો જાય છે. તો એ પ્રમાણે તે વખતની ચારે વર્ણો શું કરતી હશે? તેમને

જરૂર ન હતી ? હતીજ. તે લોકો ઘણું ખરૂં કામ જાતેજ બનાવતા. પણ સારી સ્થિતિવાળા માણસો આળસુ થાય અને પોતે કાર્ય ન કરતાં અન્ય પાસે કરાવે કેટલાકો આબરૂને ખાતર ન કરે. આ રીતે ધીમે ધીમે તેવા લોકોમાંથી હુન્નરનો નાશ થયો. એના બદલામાં અન્ય કાર્ય કરનાર વર્ગ ઉભો થયો. જેમકે—સુથાર, લુહાર, દરજી, મોચી કડીઆ, ઘાંચી વગેરે અને સર્વ માન્ય છે કે જેના કુળમાં જે અવતરે તે કુળ તેવો ઉદ્યમ કરે. સારાંશ કે જે વર્ગ ઉભો થયો તે એકજ કામમાં હંમેશાંને માટે રોકાયા. હવે પોતાનાંજ ધંધાવાળા માણસ સાથે વિશેષ સંબંધ રાખે એ સ્વાભાવિક છે. અને કર્મ પ્રમાણે ગુણ સ્વભાવ ઘડાય એ પણ સ્વભાવિક છે, અને, ગુણ સ્વભાવ જુદા પડે તો સબંધ તૂટેજ એ શંકા વગરનું છે. આ પ્રમાણે જ્ઞાતિઓ ઘડાવા લાગી આચાર, વિચારને વર્તન જ્યાં જુદાં પડયાં કે તેનાથી અન્ય મનુષ્યો છુટાં પડવા લાગ્યાં. ઉચ્ચ આચાર, વિચારને વર્તનવાળા માણસો, નીચ આચાર, વિચારને વર્તનવાળા માણસો સાથે સંબંધ નજ રાખી શકે. આ પ્રમાણે એક બીજાથી છુટા પડવા લાગ્યા. અર્વાચીન સમયમાં પણ આ રીત જોવામાં આવે છે દાખલા તરીકે બ્રાહ્મણો, બ્રાહ્મણ નામ ઘણી જાતોને લાગુ પડે છે, પણ કેટલાકની સાથે ફકત તેમને ખાવાપીવાનોજ સંબંધ હોય અને બેટી વહેવાર ન હોય. કેટલાકની સાથે કાંઇ પણ સંબંધ ન હોય. એનું કારણ શું ? કારણ માત્ર

એટલુંજ કે આચારવિચાર નબળા, આવી રીતે સંબંધ તુટતો જાય છે અને તેજ જુદી જ્ઞાતિ તરીકે લેખાય છે. આ પ્રમાણે એક બીજા સાથે છુટા પડી અર્વાચીન સમયની આ સેંકડો જ્ઞાતિ ઉત્પન્ન થએલી છે. અને તે હયાત છે એ જોઇએ છીએ.

ઉપસંહાર રૂપે લખવાનું કે આપણે પ્રાચીન ક્ષત્રિય વંશમાંથી ઉતરી આવેલા ક્ષત્રિય છીએ. એ વાત ઘણી વ્યક્તિઓના જાણવામાં હશે. ન જાણતા હો તો હું કહું છું કે તમે ક્ષત્રિયજ છો; પરંતુ કર્મમાં ભ્રષ્ટ થવાથી તમારી આ સ્થિતિ છે. માટે આપણે આપણા આચાર, વિચાર અને વર્તન શુધ્ધ રાખી અર્વાચીન ક્ષત્રિય ધર્મ સ્વીકારી ક્ષત્રિય તરીકે બહાર પડવું. એટલે આપણે ક્ષત્રિયજ કહેવડાવવું, અને આપણા બારોટ તરફથી જે અટક અથવા પ્રાચીન કેવા ક્ષત્રિય હતા તે બાબત મળેલી હોય તેજ ક્ષત્રિય કહેવડાવવું. એટલે કેટલાકને જાદવ. તેમણે જાદવ ક્ષત્રિયજ કહેવડાવવું. કેટલાકને પરમાર. તેમણે પરમાર ક્ષત્રિયજ કહેવડાવવું. કેટલાકને ચોહાણ. તેમણે ચોહાણ ક્ષત્રિયજ કહેવડાવવું. વળી બારોટને પણ ફરજ પાડવી, કે તમારે અમને મૂળની જાતિ તરીકેજ માનવા, અને વધુમાં તેમણે અન્ય મનુષ્યના સમાગમમાં મૂળ જાતિથીજ ઓળખાવવા. અને તો આપણી આખી સમાજને માટે “ ક્ષત્રિય ” શબ્દ જાહેરમાં મૂકવો. આ બાબતમાં કોઈપણ અન્ય વ્યક્તિઓ અંતરાય થાય એ અસંભવિત છે. કારણ કે આપણી પાસે સબળ પુરાવા છે. જો તમે ‘ક્ષત્રિય’ કહેવડાવતાં તમને કંઈ જોખમ ખેડવા જેવું જણાય તો તમારા

ગુરૂદ્વારનેજ—બાવા સાહેબના મંદિર ઓલપાડનેજ—કંઈપણ પૂછપરછ કરવા તેમને સૂચવી દેવું.

સમાજની વ્યકિતઓને આ પત્રિકા મળેથી પોતાને ક્ષત્રિય કહેવડાવી ક્ષત્રિયના આચાર, વિચાર અને વર્તનનુ પાલન કરશે તો લેખકનો આ પત્રિકા લખવાનો આશય સ[illegible] થયો ગણાશે. તથાસ્તુ.

આપણો ધર્મ સમજાવવા માટે ગાદી તરફથી [illegible] દેશકો ફરે છે. તેનો યોગ્ય સત્કાર કરવો, અને તેમના [illegible] મૂળ સિદ્ધાંતો જાણવા માટે પ્રયત્ન કરવો. વાર્ષિક ભેટ [illegible] વાળી છાપેલી રસિદબુકમાં નામ નોંધાવી આપવી. પરદે[illegible] મોક-લનાર વ્યકિતએ મનિઓર્ડરથી મોકલવી. જેની [illegible] પયા મળ્યા પછીથી અત્રેથી મોકલવામાં આવશે. રૂ૦ ૧ [illegible] અને તેથી વધુ રકમ આપનાર વ્યકિતનું નામ આરસ[illegible] પટીમાં કોતરાવી અત્રે ચોડવામાં આવશે. રસિદબુકમા [illegible] પટો નોંધાશે તેમના નામ છપાવી પ્રસિદ્ધ કરવામા [illegible] પછી આ સ્થળે દર વર્ષે એક ફાગણ વદ ૧૧ને દિવ[illegible] ભરાય છે તો આ સ્થળનું મહાત્મ્ય વધે એવા પ્રયત્નો [illegible] દરેક વ્યકિતની ફરજ છે.

આ બુક છપાયા અગાઉ જે જે ભેટો અમને [illegible] તે અમે આ સાથે છપાવી પ્રસિધ્ધ કરી છે.

લિ૦ ગાદીના અધ્યક્ષની આજ્ઞાથી

પ. ખુ. પટેલ.

જ્ઞાતિ સેવક.

રકમ	આપનારનું નામ	ગામનું નામ
૫૦–૦–૦	કેશવભાઈ રૂપાભાઈ યાદવ તરફથી જુમ્મર	માસમા
૩૫–૦–૦	હીરાભાઈ લાભાભાઈ પટેલ કીટસન લાઈટ માટે	સોંદલા
૧૫–૦–૦	ભકત ફળીઆની પંચ તરફથી કીટસન લાઈટ માટે	ઓલપાડ
૭–૦–૦	મોતી નારણ પાસેથી ભકત ફળીઆની પંચાએ ટાંકીમાં	ઓલપાડ
૨૧–૦–૦	નાથુભાઈ પિતાંબર તરફથી મંદિરને ગાય	સરસાણા
૧૫–૦–૦	ધીમકા ખાપા તરફથી મનિઓર્ડર	કલકત્તા
૨–૪–૦	લવાભાઈ મકનભાઈ	ભગવામોર
૧–૦–૦	પ૧ મીઆ	આડમોર
૩–૦–૦	પંચ હસ્તે ભુલાભાઇ	
૨–૪–૦	લાલા મકન	ભગવામોર
૨–૪–૦	કેશા જીવા	હાંડી
૨–૬–૦	મગા લાલા	દેરાંસા
૨–૮–૦	મીઠા જોગી	ભગવામોર
૧–૦–૦	જીવા મોરાર	ભગવા રતનભાઈ સાહેબનું ફળીઉં
૧–૪–૦	ગોવન કાળા	ભગવા
૧–૪–૦	રતન દેવા	દેરાંસા
૧–૦–૦	માધવ દયાળ	ઇસનપોર
૨–૪–૦	બાબુભાઈ મીઠાભાઇ	ઉભરાટ

૫—૪—૦	મકનભાઈ રામજી	દાંતી
૫—૪—૦	હાંસજી વહાલા	ઉભરાટ
૧—૪—૦	હીરા દીતા	,,
૧—૪—૦	સોમા ઝીણા	,,
૧—૦—૦	છગનભાઈ પરભુ	ગવીયર
૧—૪—૦	મકન લાલ	કરાડી
૧—૪—૦	મંગા છના	મસાડ
૧—૪—૦	પરભુ લાલા	ગમરોલી
૧—૪—૦	લાલભાઈ ગોવિંદ	ઉભરાટ
૧—૦—૦	હીરા ખાપા	દાંતી
૧—૦—૦	મંગા જીવણ	,,
૧—૦—૦	કેશા કીકા	,,
૧—૦—૦	લાલા ભગા	,,
૧—૦—૦	કાનજી ભાણા	,,
૫—૪—૦	ડાહ્યા છીતા	ભીમપોર
૧—૦—૦	ભગવાન નાના	દાંતી
૨—૦—૦	ગુપ્તદાન	,,
૧—૪—૦	કેશા નાના	ઉભરાટ
૧—૪—૦	વ્હાલા લાલા	,,
૧—૪—૦	છનાભાઈ મોરારજી	આડવા
૧—૪—૦	નાના મોરાર	કુમસ
૧—૪—૦	હાંસજી જસમત	,,
૨—૪—૦	હાંસજી કીકા	,,

૧-૪-૦	દેવા છાતા	”
૧-૦-૦	કાનજીભાઈ મીઠલભાઈ	ગવીયર
૧-૪-૦	મકનજી પુરૂષોત્તમ	આભવા
૧-૪-૦	હાંસજી વલ્લભ	”
૧-૮-૦	લાલા જગા	ઉભરાટ
૧-૦-૦	નાના કેશા	”
૧-૦-૦	રણછોડ કાળા	”
૧-૪-૦	ગોંસાઇ કાળા	”
૧-૪-૦	કેશા નાકા	દેલવાડા
૧-૦-૦	ગુટલ દાત	”
૧-૪-૦	ભાણા નમા	હુમાપોર
૧-૪-૦	રવજી બાવા	દીપલા
૧-૪-૦	બાગરભાઇ બુધાભાઈ	ગવીયર
૫-૪-૦	દાજી મીઠા	દાંતી
૧-૪-૦	ભાણા મીઠા	”
૧-૪-૦	ભાણા નાના	”
૧-૪-૦	સુખા બુધાભાઇ	ઉભરાટ
૧-૪-૦	નાના ધીરા	”
૧-૪-૦	ભાણા પરભુ	વેસુ
૧-૯-૦	કેશા નથુ	ડુમસવાળા
૧-૪-૦	છના ગાંડાભાઇ	બમરોલી
૧-૪-૦	ભાણા કેશા	અઠવા
૧-૪-૦	પુરૂષોત્તમ દેવા	ભાટપોર

૨-૪-૦	બાવજી જેરામ	સામપોર
૧-૪-૦	ભગુ વહાલા	ઉભરાટ
૧-૪-૦	નાના વહાલા	ટુંડા ભાઠા
૧-૪-૦	દાજી રામજી	કરાખટ
૧-૪-૦	ભાણા રામા	ભીમપોર
૧૦-૦-૦	પુંજાભાઈ મહોબતસિંહ	ચાંગવાલા
૨-૮-૦	વલ્લભ માના	ઓલાળ
૨-૪-૦	રણછોડભાઈ નારણભાઈ	સરસ
૧-૦-૦	લાલા મકન	ભગવામોર
૧-૪-૦	રવજી કાળા	બારડોલી
૨-૪-૦	નરસિંહદાસ ડાહ્યાભાઈ	ઉભરાટ
૧-૪-૦	ડાહ્યાભાઈ નારણ	મછાડ
૧-૪-૦	દયાળ જેરામ	ભીમપોર
૧-૪-૦	ભાણા કાનજી	ડુમસ
૧-૪-૦	જેરામ પુરૂષોત્તમ	ભીમપોર
૧-૪-૦	ગોપાળ કોહ્યા વાગરેસ બીલીમોરાના રેહવાસી	
૧-૪-૦	રણછોડ જેરામ	ભીમપોર
૧-૪-૦	ગુપ્ત દાન	
૧-૪-૦	ડાહ્યા કેશવ	બીલીમોરાવાળા
૧-૪-૦	જેરામ દુલ્લભ	બરડોલી
૧-૪-૦	ખુધાભાઈ કાળા	ઓદાલી
૧-૦-૦	નારણ દેવા	કંકરોડ
૧-૦-૦	મીઠલદાસ સુખા	દાંડીવાળા

૩—૦—૦	વલ્લભ રામા	રાંદેર
૩—૦—૦	ભગા રામા	,,
૧—૦—૦	નારણુ કાનજી	જીણોદ
૧—૦—૦	ગોશાંઇ ગોમાન ભરવાડ	,,
૩—૪—૦	છીમકા ખાપા	ઉંભરાટ
૨—૦—૦	લાલા ખાપા	,,
૨—૦—૦	લાલા સોમાબટા	,,
૧—૪—૦	વાલા કાનજી	,,
૧—૪—૦	રણુછોડ નાના	,,
૧—૦—૦	લાલા સોમા	,,
૧—૪—૦	કેશા મોરાર	,,
૧—૪—૦	સુખા ભાણુા	,,
૧—૪—૦	લલ્લુ મકન	,,
૧—૦—૦	બુધિઆ ગણેશ	,,
૧—૪—૦	મોતી દીતા	,,
૧—૪—૦	રામજી દીતા	,,
૧—૦—૦	કીકા કાળા	દાંતી
૧—૦—૦	પુના ગાંડા	,,
૧—૪—૦	વાલજી ભગા	,,
૧—૪—૦	ભાણુા ભગા	,,
૧—૪—૦	બુધિઆ ફકીર	,,
૧—૪—૦	નરસિંહ હાંસજી	,,
૧—૦—૦	ભાણુા પરભુ	,,

૧-૦-૦	પુના ગોપાળ	વાંસી
૧-૦-૦	પરભુ સોમા	,,
૧-૪-૦	સીમા લાલા	સનારા
૩-૧૨-૦	સાતગામની પંચના હસ્તે ભુલાભાઇ	ઓલપાડ
૨-૮-૦	ફારગતીના હસ્તે ડાહ્યા પરસોત્તમ	,,
૩-૪-૦	ધના મકન	ભગવામોર
૧-૦-૦	લીમજીભાઈ લલ્લુભાઈ	રાંદેર
૨-૮-૦	જગુભાઇ નાથુભાઇ	મંદ્રોઈ
૨-૦-૦	ગોપાળભાઇ હરિભાઈ	સરસ
૨-૦-૦	જેરામભાઈ મકનજી	માસમા
૩-૦-૦	વહુલા રતન	કાછોલ
૧-૦-૦	હીરાભાઇ દુલા	કંટીઆજાળ
૧-૦-૦	કીલાભાઈ લીંબા	,,
૧-૦-૦	ગંગારામ ગોપાળ	એલાવ
૧-૦-૦	ડાહ્યાભાઈ દુલા	અસનાવાડ
૧-૦-૦	ગોમાન પુરૂષોત્તમ	આભા
૧-૪-૦	કેશવ લાલા	સુરત સગરામપુરા
૨-૦-૦	મગન વલ્લભ	બારોટા
૧૦-૦-૦	લાલા ગણેશ	પરવટ
૧-૦-૦	પેમા ખુશાલ ચોહાણુ	તરસાડી
૧-૦-૦	પુરૂષોત્તમ કાળા	,,
૧-૦-૦	વસ્તા જભાણુ શૂદ્ર	સિસોદરા
૧-૦-૦	ડાહ્યા કાળીદાસ	દાંતી

૧-૦-૦	રણછોડ નાના	,,
૧-૦-૦	રણછોડ નમા	,,
૨-૦-૦	હાંસજી કીલા	,,
૨-૦-૦	રૂપા મીઠા	સજગરી
૧-૦-૦	નારણ ભાણા	જુનુંગામ
૧-૦-૦	ગોવિંદ ભાણા	હજીરા
૧-૦-૦	હાંસજી મીઠા	ગુંદરડી
૧-૪-૦	ખુશાલ માવા	શેરડી
૩-૦-૦	રતન કોહ્યા	સેગવા
૧-૦-૦	ગોપાળ દયાળ	ઇચ્છાપોર
૧-૦-૦	ડાહ્યા ફકીર	તળાદ
૧૦-૦-૦	ઉમેદસિંહ પરભુસિંહ	કંતારા
૧-૦-૦	નાથુ કુબેર	કોસમ
૧-૦-૦	રણછોડ લાલા	માચું
૧-૦-૦	કાળીદાસ	ટુંડા
૧-૦-૦	દયાળ મીઠા	ભાંડુત
૧-૪-૦	ગોપાળ નાના	ઉંભરાટ
૧૮-૮-૦	દેવાભાઈ કેશવ	સોંદલા
૧-૦-૦	મગન માધવ	બોલાદ
૧-૦-૦	પમા રામજી	ભાદોલ
૧-૦-૦	ગોમાન નરસિંહ	કોબા
૧-૦-૦	ગોવન ભુલા	ઠોઠબ
૧-૦-૦	ગંગારામ પુંજીઆ	,,

૧-૦-૦	નરસિંહ ગોવન	"
૨-૦-૦	મંછુ નાથુ	મંદ્રાઈ
૧-૦-૦	લાલા લક્ષ્મણ	કમરોલી
૧-૦-૦	નાથુભાઇ પિતાંબર	સરસાણા
૫-૦-૦	માધુ પરસોત્તમ રસોઈઆ	સુરત
૫-૪-૦	ખુશાલ ડાહ્યાભાઈ	પાંજરોલી
૧-૦-૦	વલ્લભ માવજી	ભાદોલ
૩-૦-૦	બાબર નારણ તથા વલ્લભ મોરાર	રાંદેર
૨-૦-૦	નાથુ ધના	કુવાદ
૫-૦-૦	કરસન પેમા	લીમોદરા
૧-૦-૦	લલ્લુ દાજી	વેલુક
૫-૦-૦	ગોવન ઝીણા તથા પંચ	અણીતા
૬-૨-૦	પધરામણી	ભીમપોર
૨-૦-૦	જેરામભાઈ મકનજી	માસમા
૩-૦-૦	કેવળભાઇ રૂપાભાઇ	"
૫-૦-૦	દેવાભાઈ રામજી	"
૩-૮-૦	બેન જીવી હીરાભાઈની છોકરી	"
૧-૦-૦	ડાહ્યાભાઈ ઉકાભાઈ	"
૧-૦-૦	દેવાભાઈ ગોવિંદજી	"
૧-૦-૦	હરિભાઇ પુંજાભાઈ	"
૧-૦-૦	હરિભાઈ કીકાભાઇ	"
૧-૦-૦	મંછાભાઈ ભાણાભાઈ	"
૧-૦-૦	ઉકા મુળજી	"

૧-૦-૦	કેશવ ઉકા	,,
૧-૦-૦	નારણુ ભુલા	,,
૧-૦-૦	ડાહ્યા કુંવરજી	,,
૧-૦-૦	વનમાળી ડાહ્યા	,,
૧-૦-૦	પ્રેમા ભીખા	,,
૧-૦-૦	ડાહ્યા વીરા	,,
૫-૦-૦	ડાહ્યા રૂપા	,,
૨-૦-૦	ગોપાળ રતનજી	,,
૧-૦-૦	ઉકા દયાળ	અંભેટા
૧-૦-૦	લખા વીરજી	,,
૧-૦-૦	ઉકા રામા	,,
૧-૦-૦	રતનજી પ્રેમા	,,
૧-૦-૦	નાથુભાઇ ભુલાભાઈ દેશાઇ	,,
૧-૦-૦	નાનાભાઇ હાંસજી	,,
૧-૦-૦	રણુછોડ પરાગ	ભાંડુત
૧-૦-૦	ધના નાગર	,,
૧-૦-૦	દયાળ મીઠા	,,
૧-૦-૦	રઘા રતનજી	,,
૧-૦-૦	મકન રણુછોડ	મુળદ
૨-૦-૦	ગણેશ વિસરામ	સંદેર
૧-૪-૦	દાજીભાઈ ગોશાંઈ	,,
૧-૪-૦	લલ્લુ પિતાંબર	,,
૧-૦-૦	લલ્લુ રણુછોડ	,,

૧—૦—૦	નારણુ ખીરા	”
૧—૦—૦	કાનજી ફકીર	”
૧—૦—૦	લીંબા લાલુ	”
૧—૦—૦	ઝીણા ફકીર	”
૧—૦—૦	વલ્લભ ફકીર	”
૧—૦—૦	કેશવ ફકીર	”
૧—૦—૦	મકન મોરાર	સરોલી
૨—૦—૦	ડાહ્યા ધના	”
૩—૦—૦	ગોવન ભુલા	”
૫—૦—૦	લાલા ડાહ્યા તરફથી મનિઓર્ડર	ચોરાસી
૧૦૦—૦—૦	ગોશાંઇજી મહારાજ તરફથી ઘોડી	ઓરમા

તા૦ ક૦—એક રૂપીઆથી ઓછી રકમ છપાવવામાં આવી નથી.

પ્રસિદ્ધ કર્તા-ધર્મ ચલાવનાર ગાદીના અધિકારી વારસ

મોરારજી પુરૂષોત્તમ વર્મા.

ઓલપાડ-જી૦ સુરત.



વાંચો ! જાહેર ખબર વાંચો !

નહિ વાંચશો તો પસ્તાશો

પ્રિય વાંચક !

તમે તમારાં બચ્ચાંની જન્મોત્રી કયાં કરાવશો ? તમારૂં વર્ષફળ કયાંથી જાણી શકશો ? હસ્તરેષા ઉપરથી તમારી ભૂત ભવિષ્યની હકીકત કયાંથી જાણી શકશો ? તમ.રી પાસે જન્મકુંડળી ન હોય છતાં તમે તમારી જન્મ પત્રિકા બનાવવા ઇચ્છતા હો તો કયાં કરાવશો ?

જો તમે ઉપર્યુકત બાબતની સવિસ્તર હકીકત જાણવા ઇચ્છતા હો તો તે નીચેને સ્થળેથી જાણી શકશો. વળી ભૂત ભવિષ્યનો એટલે સુધી હેવાલ કહેવામાં આવે કે તે જાણી તમને આશ્ચર્ય ઉત્પન્ન થશે ! ઘણા મ ણ્યોને ખાત્રી થઇ છે કે આ સ્થળેથી જેટલી સચે હકીકત મળી આવે છે તેવી હકીકત તમને અ સ્થળેથી ભાગ્યેજ મળી શકશે માટે એક વાર નીચે સ્થળનો જરૂર લાભ લેશો.

જ્યોતિષી,

કૃષ્ણરાવ અનંતરાવ શાળીગ્રામ હરિ કિર્તનકાર

વીઠ્ઠલમંદીર-ઓલપાડ.